# 55

**વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગમાં વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક**

*15/4/2315 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર**(ચાણસ્મા)**: માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ સચિવાલય, ગાંધીનગરમાં વય નિવૃત્તિ બાદ કરાર આધારીત નિમણૂંક આપેલ હોય તેવા સંવર્ગવાર કેટલા કર્મચારી/ અધિકારીઓ છે. | (૧) |

| | | |
|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૪ |
| ૨ | વર્ગ-૨ | ૨ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કેટલાઅધિકારીઓ/કર્મચારીઓ ૬૨ વર્ષ કે તેથી વધુ વયના છે, અને | (૨) કરાર આધારીત નિમણૂંક આપેલ હોય તેવા ૪ અધિકારીઓ ૬૨ વર્ષ કે તેથી વધુ વયના છે અને |
| (૩) ૬૨ વર્ષ કરતા વધુ વયના કર્મચારી/અધિકારીઓની ઉંમર ઉક્ત સ્થિતિએ કેટલી છે અને આવી નિમણૂંકો આપવાના કારણો શા છે ? | (૩) ૬૨ વર્ષ કરતાં વધુ વયના કર્મચારી/અધિકારીઓની ઉંમર તા:૩૧-૧૨-૨૩ના રોજની સ્થિતિએ નીચે મુજબ છે. |

| ક્રમ | હોદ્દો | સંવર્ગ | ઉંમર |
|---|---|---|---|
| ૧ | સચિવશ્રી (સંસદીય) | વર્ગ-૧ | ૬૮ વર્ષ |
| ૨ | સચિવશ્રી (વૈધાનિક) | વર્ગ-૧ | ૬૪ વર્ષ |
| ૩ | નાયબ સચિવ | વર્ગ-૧ | ૭૨ વર્ષ |
| ૪ | નાયબ સચિવ | વર્ગ-૧ | ૬૨ વર્ષ |

<u>નિમણૂંકો આપવાના કારણો:</u>

- વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગમાં વિધાનસભામાં રજૂ કરવાના વિધેયકોનું તથા વટહુકમોનું ડ્રાફ્ટીંગ તથા તેની કાયદાકીય ચકાસણી કરવાની થાય છે.
- આ વિભાગમાં કાયદાકીય નિયમો, અધિનિયમો, હુકમો વગેરેની કાયદાકીય ચકાસણી થાય છે.
- રાજ્ય સરકારના કાયદાઓ તથા નોટિફિકેશનોનું ગુજરાતી ભાષાંતર આ વિભાગમાં થાય છે.

- વિધાનસભાનું સત્ર બોલાવવાથી માંડીને સત્ર સમાપ્તિ સુધીનું તમામ સંસદીય બાબતો અંગેનું કામકાજ આ વિભાગમાં થાય છે.
- રાજયના કાયદાઓને અદ્યતન કરી તેને છપાવવાની કામગીરી આ વિભાગમાં થાય છે.

આમ, વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગની કામગીરી તાંત્રિક પ્રકારની છે. સદર વિભાગની ઉક્ત કામગીરી મુખ્યત્વે કાયદાના સ્નાતક કક્ષાની પદવી ધરાવતા સીધી ભરતીથી નિમણૂંક થતા ઓફીસર્સ દ્વારા કરવામાં આવતી હોઈ, તેઓના કાયદાના જ્ઞાન અને અનુભવની વિભાગની કામગીરીમાં જાહેર હિતમાં જરૂરીયાત જણાતી હોઈ, તેઓને સરકારશ્રીની જરૂરી મંજૂરી મેળવીને વયનિવૃત્તિ બાદ કરાર આધારિત પુન: નિમણૂંક આપવામાં આવે છે.

-----------------